# રાજયની તમામ પોસ્ટ ઓફિસ વાઈબ્રન્ટ બનશે

**પોસ્ટ કચેરીઓમાં એ.ટી.એમ., પોસ્ટ શોપ્સ ઉપરાંત ઈ-કોમર્સ પોર્ટલ શરૂ કરાશે : પોસ્ટ ઓફીસમાં કોર્પોરેટ કલ્ચર જોવા મળશે**

ગાંધીનગર, તા.૯

ગુજરાતની તમામ પોસ્ટ ઓફીસને વાઈબ્રન્ટ લૂક આપવામાં આવશે. આગામી દિવસોમાં પોસ્ટ કચેરીને કોર્પોરેટ ટચ આપવામાં આવશે. પોસ્ટ કચેરીઓમાં એ.ટી.એમ. તેમજ ઈ-કોમર્સ પોર્ટલ સેવા શરુ કરાશે. આ ઉપરાંત પોસ્ટ કચેરીઓને આધુનિક સ્વરૂપ અપાયા બાદ પાર્સલ સેવા ગ્રીટીંગ્સ ઉપરાંત અન્ય વિવિધ કંપનીની પ્રોડકટસ માટે પોસ્ટ શોપિંગની સેવા પણ ઉપલબ્ધ થશે.



વાઈબ્રન્ટ ટ્રેડ શૉમાં ભવિષ્યની અદ્યતન પોસ્ટ કચેરીનું મોડેલ તૈયાર કરવામાં આવ્યું છે. આજે રાજયના મુખ્ય સચિવ ડી.જે. પાંડીયને પણ ટ્રેડ શૉની મુલાકાત લીધી હતી. આ દરમિયાન તેમણે પોસ્ટ બોક્ષમાં પોતાના જ ઘરે પોતાનું વિઝીટંગ કાર્ડ પોસ્ટ કર્યું હતું. આ તબક્કે તેમણે જણાવ્યું હતું કે ૩૫ વર્ષ અગાઉ યુ.પી.એસ.સી.ની પરીક્ષાનું ફોર્મ પોસ્ટ બોક્ષમાં પોસ્ટ કર્યું હતું....!

ગ્લોબલ ટ્રેડ શૉ માં ભવિષ્યની અદ્યતન પોસ્ટ કચેરીનું મોડેલ ઉભું કરવામાં આવ્યું છે. પોસ્ટલ સર્વિસીઝ બોર્ડના મેમ્બર જોન સેમ્યુઅલે આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે આગામી દિવસોમાં ગુજરાતની તમામ પોસ્ટ કચેરીઓને અદ્યતન સુવિધાઓથી સજ્જ કરવામાં આવશે. પોસ્ટ કચેરીઓને ઓપન કસ્ટમર ફ્રેન્ડલી બનાવાશે જયારે માત્ર ગ્રાહકોલક્ષી ધ્યાન કેન્દ્રીત કરવામાં આવશે. વાઈબ્રન્ટ લૂક અને ગ્રાહકોલક્ષી જરૂરી સુવિધાઓ સાથે પોસ્ટ કચેરીઓમાં એ.ટી.એમ. સુવિધા ઉપલબ્ધ થશે. ૩૫ હેડ ઓફીસો

● અનુસંધાન પાન-૭ પર

# ટ્રેડ શૉના મુલાકાતીઓમાં મોટા ભાગના પિત્ત-વાત પ્રકૃત્તિ ધરાવતા જણાયા

ગાંધીનગર, તા.૯

વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ટ્રેડ શૉ જોવા આવતા મુલાકાતીઓ પૈકીના મોટા ભાગના મુલાકાતીઓ પિત્ત-વાત પ્રકૃત્તિ ધરાવતા હોવાનું પ્રકૃતિ પરિક્ષણમાં જાણવા મળ્યું છે.

આ ટ્રેડ શૉમાં યોજાયેલ પ્રદર્શનમાં આયુર્વેદ માટેનો એક વિશેષ ડોમ ફાળવવામાં આવ્યો છે જેમાં સંતુલન આયુર્વેદ સંસ્થાન દ્વારા મુલાકાતીઓનું મફત પ્રકૃતિ પરીક્ષણ કરી સ્વસ્થ રહેવાના ઉપચારો બતાવવામાં આવી રહ્યા છે.

આજે ૫૦થી વધુ મુલાકાતીઓના પ્રકૃતિ પરીક્ષણ દરમિયાન ૪૦ જેટલા મુલાકાતીઓમાં પિત્ત-વાત પ્રકૃતિ જોવા મળી હતી.

સંતુલન આયુર્વેદ વતી શ્રી સિધ્ધાર્થભાઈએ ગાંધીનગર સમાચાર સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે આયુર્વેદ એ જીવનનું શાસ્ત્ર છે. સૌથી જુના તબીબી વિજ્ઞાનોમાંનું એક છે.

તેમણે જણાવ્યું હતું કે આયુર્વેદ સંપન્ન અને સંસ્કારિત જીવન જીવવાની કળા છે. એમાં સ્વસ્થ જીવન શૈલી સકારાત્મક વિચારાધારા અને સંતુલિત આહારનો સમાવેશ છે.

શ્રી ગુરુ બાલાજી તાંબેએ આજ વિચારધારાને લઈ એક આત્મસંતુલન વિલેજ વિકસાવ્યું છે. તેમણે જણાવ્યું હતું કે પૂના નજીક કાર્લા ગામે આ પ્રોજેકટનું સફળ સંચાલન થઈ રહ્યું છે અને તેમના શિષ્યો જર્મનીમાં પણ આવા જ કેન્દ્રો ચલાવી રહ્યા છે. કાર્લામાં ૭૦ બેડની હોસ્પિટલ છે.

આત્મ સંતુલન વિલેજમાં યોગ, ધ્યાન, સત્સંગ, આદર્શ જીવન શૈલી, સંતુલિત આહાર, સ્વાસ્થ્ય સંગીત સહિતની સુવિધા છે. આ વિલેજમાં લકવો, પીસીઓડી, અસ્થમા, મૂત્રપિંડની બિમારી, મેદસ્વિતા, કેન્સર, કરોડરજ્જુ અને મગજના રોગોનો પણ ઈલાજ કરવામાં આવે છે.

# ગ્લોબલ ટ્રેડ શૉ માં મેટ્રો રેલના મોડેલે આકર્ષણ જમાવ્યુ

**મેટ્રો રેલની સવારી કરી ક્લીક કરવા મુલાકાતીઓમાં ક્રેઝ**




ગાંધીનગર, તા. ૯

ગ્લોબલ ટ્રેડ શૉ માં વિવિધ અગ્રણી કંપનીઓએ ભાગ લીધો છે. મેગાએ પણ મેટ્રોરેલ પ્રોજેક્ટ અન્વયે મેટ્રો મોડેલની પ્રતિકૃતિનું નિર્માણ કર્યું છે. ટ્રેડ શૉ ના મુલાકાતીઓ મેટ્રો રેલના ડ્રીમ પ્રોજેક્ટને જાણે તાદશ્ય નિહાળવા એક ક્લીક કરવા ઉત્સુક બન્યા હતા. મેટ્રોરેલ પ્રોજેક્ટ અન્વયે અત્યાર સુધીમાં સર્વેક્ષણ અને અભ્યાસ પાછળ કરોડોનો ખર્ચ થયો છે. જ્યારે લાંબા સમયના અંતે પણ મેટ્રોરેલ પ્રોજેક્ટ હજુ અભ્યાસુ તબક્કામાંથી બહાર આવ્યો નથી ત્યારે મેટ્રોરેલને મેગાસીટીમાં દોડતી જોવાનુ સ્વપ્ર પ્રત્યેક ગુજરાતીઓની આંખોમાં કેદ થયુ છે. ગાંધીનગરમાં પણ મેટ્રોરેલના રૂટના મામલે અનેક સર્વે કરાયા બાદ આખરે હાલના તબક્કે ગાંધીનગરમાં મેટ્રોરેલ દોડાવવાનું સ્વપ્ર સાકાર થઈ શકે તેમ ન હોવાનુ ચિત્ર સ્પષ્ટ થયું છે. આવા સંજોગોમાં ગ્લોબલ ટ્રેડ શૉ માં મેટ્રો હેઠળના પ્રોજેક્ટને લઈને મુલાકાતીઓમાં ભારે આકર્ષણ છવાયુ છે. મેટ્રોરેલની પ્રતિકૃતિ સમા મોડેલમાં સવાર થઈ મુલાકાતીઓ મેટ્રોની સફરનો આનંદ લીધો હોવાનો જાણે સંતોષ અનુભવી રહ્યા છે. યુવાનો માટે આ સ્પોટ એક ફોટોગેલેરી સમાન બની ગયો છે. બીજી તરફ વાસ્તવિકરૂપે મેટ્રોરેલ ટ્રેક પર દોડતી થાય તેની ઉત્સુકતા પણ પ્રબળ બની છે.

## @ ગાંધીનગર

- પ્રવાસી ભારતીય દિવસના સમાપન દિને કેન્દ્રીય ગૃહ મંત્રી રાજનાથસિંહ સહિત ૯ રાજયોના મુખ્ય પ્રધાન પધાર્યા હતા.
- વાયબ્રન્ટ સમિટ માટે ઉભા કરાયેલા પાર્કિંગ સાવ સુના સુના ખાલી ખમ લાગતા હતા.
- ત્રણ દિવસથી શહેરમાં મેગા સીટી જેવો ટ્રાફિક અનુભવાય છે.





- સચિવાલય પોઈન્ટ બસ સ્ટોપ પાર્કિંગ પ્લેસમાં ફેરવાયું.
- સેકટર-૧૭માં, સે-૧૩માં, સે-૧૫માં વસાહતીઓએ ઘર આંગણે ચા-પાણી નાસ્તાની લારીઓ ઉભી કરી દીધી.
- ટ્રેડ શૉમાં ઉભી કરવામાં આવેલ મોટી તોપ પાસે ફોટો પડાવવા માટે મુલાકાતીઓમાં ભારે ક્રેઝ વર્તાય છે.
- સે-૧૪ના રહીશોએ ઘરની બહાર નીકળતા ફોટો આઈડી સાથે રાખવું પડે છે.
- શાળા જવા માટે વાલીઓએ બાળકોને ૨-૨ કિમી દુર વાહન સુધી મુકવા જવું પડે છે.
- ટ્રેડ શૉ જોવા માટે મુલાકાતીઓએ પોતાના વાહન દૂર દૂર સુધી પાર્ક કરી ચાલતા જવું પડે છે.
- કેટલાક વિદેશી નાગરીકોએ ચાલતા મહાત્મા મંદિર સુધી આવવું પડયું હતું.
- પોલીસને જમવામાં માત્ર ૩ પુરી અને શાક જ આપવામાં આવ્યા હતા.
- આગામી ૧૧-૧૨ અને ૧૩ દરમિયાન સાંજે ૫ થી ૭ સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડન માં આર્મી અને નેવલ બેન્ડ સંગીતની સુરાવલીઓથી વાતાવરણને ગુંજવશે.
- ગઈકાલ કરતા આજે ટ્રેડ શૉમાં આવતા મુલાકાતીઓની સંખ્યામાં સામાન્ય વધારો જોવા મળ્યો હતો.


## સ્મરણાંજલિ

''સ્મરણો ભીંજવે હૈયું.. ને.. મહેકી ઉઠો આપ અમ અંતરમાં...''



**સ્વ. શ્રીમતિ મીનાક્ષીબેન વ્યાસ**
સ્વ. તા. ૧૨-૧-૧૯૮૦

MINAXI GROUP



**સ્વ. શ્રી જદુરાય વ્યાસ**
સ્વ. તા. ૧૦-૧-૧૯૮૦

- કુ. દેવાંશી નિશિત વ્યાસ
- હરિવંશ નિશિત વ્યાસ
- મીનાક્ષી એન્ટરપ્રાઈઝ
- નિશિત જદુરાય વ્યાસ
- ઈશાની નિશિત વ્યાસ
- મીનાક્ષી ટ્રેડર્સ, ગાંધીનગર

• મીનાક્ષી મેમોરિયલ ટ્રસ્ટ, ''મીનાક્ષી'', ૩૯૧, સેક્ટર-૧૬, ગાંધીનગર. ટે. ૨૩૨૨૧૯૯૯, ૨૩૨૩૩૩૯૯



સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

Vibrant GUJARAT 2015 11-13 Jan.
The Global Business Hub | 7th Global Summit

# સ્વાગત છે વૈશ્વિક વ્યાપાર કેન્દ્રમાં

**૧૧ થી ૧૩ જાન્યુઆરી, ૨૦૧૫**
**મહાત્મા મંદિર, ગાંધીનગર.**

**વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૧૫**
**માં પધારવા માટે અત્રે આપેલ રૂટ મેપને અનુસરવા વિનંતી...**

| Pass Holders | Location | Entry From |
|---|---|---|
| Entry and movement for Gold Pass Holders | Mahatma Mandir & IITE SEC-15 | 1A,1B,1C,1D |
| Entry and movement for Silver Pass Holders | Science, Commerce & Art College SEC-15 | 2A |
| Entry and movement for Red Pass Holders | Bh. Hotel Haveli Ch Road | 3A,3B |
| Entry and movement for Blue Pass Holders | Bh. Hotel Haveli Ch Road | 4A,4B |
| Entry and movement for Green Pass Holders | Bh. Udhyog Bhavan & Sec-22 Ground | 5A,5B,5C,5D |




નોટ: મુલાકાતીઓને પોતાનાં વાહનો નિશ્ચિત વિસ્તારોમાં પાર્ક કરવા વિનંતી.
સર્વિસ પાસહોલ્ડર્સ માટે પ્રવેશ ફક્ત ગેટ નંબર ૫ (રેડ અને બ્લૂ એન્ટ્રી) પરથી.

**સુરક્ષા માટેના નિયમો**

**માત્ર સુરક્ષા હેતુસર સહકારની અપેક્ષા સહ**

- સ્થળ પર પ્રવેશ માટે માન્ય આમંત્રણપત્રિકા જરૂરી છે
- આમંત્રણપત્રિકા પર બારકોડ અંકિત છે. આમંત્રણપત્રિકા અન્ય કોઈને હસ્તાંતરપાત્ર નથી
- આપશ્રીને કાર્યક્રમના ૬૦ મિનિટ અગાઉ સ્થાન ગ્રહણ કરવાની નમ્ર વિનંતી છે
- આપશ્રીને કવર સહિત આમંત્રણપત્રિકા લાવવાની તથા સમગ્ર કાર્યક્રમ દરમ્યાન સાથે રાખવાની નમ્ર વિનંતી છે
- આપશ્રીને આપવામાં આવેલ કાર્યક્રમ માટેનો ''નેમબેજ'' હંમેશાં ગ્રહણ કરેલો રાખશો
- આપશ્રીની સાથે અથવા કારમાં લાવવામાં આવેલ લાઈટર, માચીસ, તીક્ષ્ણ ધારવાળી વસ્તુ, હથિયાર, ફાયર આર્મ્સ, કેમેરા તથા રીમોટ સંચાલિત ઉપકરણ વગેરે વસ્તુઓ કાર્યક્રમના સ્થળે લઈ જવાની મનાઈ છે
- આપશ્રીના કારપાસને ડ્રાઇવર સીટની ડાબી બાજુની વીન્ડ સ્ક્રીન ઉપર અંદરથી લગાવવો અનિવાર્ય છે
- આપશ્રીના પ્રવેશ અને પ્રસ્થાનની વ્યવસ્થા કાર પાસના કલર મુજબ તેમજ આમંત્રણપત્રિકામાં નિર્દેશિત ગેટ દ્વારા કરવામાં આવેલ છે, જેનો અમલ કરી સહકાર આપવા નમ્ર વિનંતી છે
- આપશ્રીને આમંત્રણપત્રિકા મુજબ કલરકોડ વિશિષ્ટ માર્ગદર્શનનું પાલન કરવા નમ્ર વિનંતી છે
- ફોટો સહિતનું ઓળખપત્ર સાથે રાખવું આવશ્યક છે
- પાર્કિંગથી સમિટ સ્થળ સુધી આવવા - જવા માટેની ફ્રી સગવડ ઉપલબ્ધ છે
- વધુ સ્પષ્ટતા માટે ટોલ ફ્રી નંબર ૧૮૦૦ ૨૦૦ ૫૦૩૦ પર સંપર્ક કરો

NODAL ORGANISATION: iNDEXTb
PARTNER COUNTRIES: The Netherlands, Canada, UK, Australia, Singapore, South Africa, Japan, USA
PARTNER ORGANISATIONS: JETRO, UK INDIA BUSINESS COUNCIL, USINDIA BusinessCouncil, SUSTAINABLE ENERGY FOR ALL
EXHIBITION PARTNER: K AND D

For more information, log on to www.vibrantgujarat.com
Follow us on : twitter.com/vibrantgujarat | facebook.com/vibrantgujarat


Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com